સિલોટવાડમાં મુખ્ય લાઇન ફાટતા લાખો લિટર પાણીનો વેડફાટ, 50 હજાર નાગરિકો તરસ્યા

# પાણીની લાઈન ફાટતા જળબંબાકાર




**6** મહિનામાં બીજીવાર એ જ સ્થળે ભંગાણ પડતા કામગીરીની ગુણવત્તા સામે સવાલો

**ઉનાળાની** ગરમી વચ્ચે જળસંકટ ઊભું થતા જનતામાં ભારે આક્રોશ

**નવસારીમાં** તંત્રની મિલીભગત કે નબળું કામ? નવેમ્બર બાદ ફરી એ જ સ્થળે પાણીની લાઇન તૂટી

નવસારી : સિલોટવાડ વિસ્તારમાં આજે વહેલી સવારે પાણીની મુખ્ય પાઈપલાઈન અચાનક ફાટી જતા શહેરના મધ્યભાગમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોટાબજાર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં લાખો લિટર શુદ્ધ પીવાનું પાણી રસ્તાઓ પર ધોધમાર વહેતું જોવા મળ્યું હતું. થોડા જ સમયમાં માર્ગો પાણીથી છલકાઈ ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતિ ઊભી થઈ હતી.

ઘટનાને કારણે શહેરના અંદાજે 50 હજારથી વધુ નાગરિકોના પાણી પુરવઠા પર સીધી અસર પડી છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે જ પાણીની સમસ્યા ઊભી થતાં લોકોમાં ભારે રોષ અને ચિંતા ફેલાઈ છે. અનેક વિસ્તારોમાં પાણી સપ્લાય ખોરવાઈ જતાં લોકો પાણી માટે પરેશાન બન્યા છે.

સ્થાનિક રહેવાસીઓએ પાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેઓનું કહેવું છે કે ગત નવેમ્બર મહિનામાં પણ આ જ સ્થળે મુખ્ય પાણી લાઈન તૂટી હતી. થોડા મહિનામાં ફરી એ જ લાઈન ફાટતા સમારકામની ગુણવત્તા અને વહીવટી બેદરકારી સામે લોકોમાં અસંતોષ વ્યાપ્યો છે. વારંવાર એ જ જગ્યાએ લાઈન કેમ તૂટે છે? તેવો સવાલ હવે સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પાણીની લાઈન ફાટતા રસ્તા પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. કિંમતી પીવાના પાણીનો મોટાપાયે વેડફાટ થતાં સ્થાનિકોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ઘટનાની જાણ થતાં મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમારકામ કામગીરી શરૂ કરી હતી. જોકે, મુખ્ય લાઇનમાં મોટું ભંગાણ પડતાં કામગીરી લાંબી ચાલે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### અડધા શહેરનો પાણી પુરવઠો ખોરવાયો

પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ આગામી બે દિવસ સુધી કેટલાક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ અથવા અસ્થિર રહી શકે છે. સ્થાનિકોએ હવે માત્ર કામચલાઉ મરામત નહીં પરંતુ કાયમી ઉકેલ લાવવાની માંગ સાથે પાલિકાને કડક કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

# નવસારીમાં જમીન વિવાદમાં ૭થી વધુ શખ્સોનો યુવકો પર હુમલો

**હાઈવેના** સર્વિસ રોડ પર જૂની અદાવતમાં હથિયારો સાથે તૂટી પડેલા ભરવાડ શખ્સો સામે ગુનો નોંધાયો

નવસારી : ગણેશ સિસોદ્રા ગામની સીમમાં આવેલા નેશનલ હાઈવે નંબર 48ના સર્વિસ રોડ પર જમીન વિવાદે ઉશ્કેરાયેલા સાતથી વધુ શખ્સોએ એકજૂથ થઈ યુવકો પર જીવલેણ હુમલો કર્યો હતો અને બે કારમાં તોડફોડ મચાવી ભારે આતંક ફેલાવ્યો હતો.

ફરિયાદી ગોપાલ ભરવાડ તેમના મિત્ર રોહિત સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે આરોપીઓએ હુમલો કર્યો હતો. ગત 6 મેના રોજ કટારિયા શો-રૂમ નજીક આરોપીઓએ ઘાતક હથિયારો અને લાકડાના ફટકાઓ સાથે હુમલો કર્યો હતો. હુમલાખોરોમાં ગોપાલ ભરવાડ, ઝાલા ભરવાડ, જોધા ભરવાડ, નિતેશ ભરવાડ, શ્યામ ઉર્ફે કુકો, અજય ભરવાડ સહિતના ઈસમો સામેલ હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

આરોપીઓએ ફરિયાદી અને તેમના મિત્રોની કારના કાચ ફોડી નાખ્યા હતા. હુમલા દરમિયાન ઝાલાભાઈએ ગોપાલભાઈના માથા અને ગળાના ભાગે લાકડાના ફટકા માર્યા હતા. ઉપરાંત રોહિત, ભુપત અને રાહુલ નામના યુવકોને મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાને પગલે હાઈવે વિસ્તારમાં દહેશતનો માહોલ સર્જાયો હતો.

આ મામલે નવસારી રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો છે અને નવસારી રૂરલ પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસે જીવલેણ હુમલો, તોડફોડ, ગુનાહિત કાવતરું અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. જોકે ઘટનાને ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી કોઈ આરોપીની અટકાયત થઈ નથી, જેના કારણે સ્થાનિકોમાં પોલીસ કામગીરી સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.




# તલોધમાં સાડા છ દાયકા જૂના મકાનનો સ્લેબ ધરાશાયી

**બે** પરિવારનો આબાદ બચાવ, જોરદાર ધડાકા સાથે સ્લેબ તૂટી પડતા અફરાતફરી

**વાહનોને** નુકસાન અને તકેદારીના ભાગરૂપે વીજ પુરવઠો ખોરવાયો

બીલીમોરા : બીલીમોરા-દેવસર માર્ગ પર આવેલા તલોધ ગ્રામ પંચાયત વિસ્તારના દાંડેકર કમ્પાઉન્ડમાં શુક્રવારે સાંજે એક ગંભીર દુર્ઘટના ટળી હતી. અહીં વર્ષો જૂના જર્જરિત મકાનનો અંદાજે ૪૦ વર્ષ જૂનો સ્લેબ એકાએક ધડાકાભેર તૂટી પડતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. સદનસીબે સ્લેબનો આગળનો ભાગ ધરાશાયી થતા ઘરમાં રહેતા બે પરિવારોનો આબાદ બચાવ થયો હતો.

આ સાડા છ દાયકા જૂના મકાનની હાલત લાંબા સમયથી જોખમી હતી. શુક્રવારે સાંજે જ્યારે સ્લેબ તૂટ્યો, ત્યારે તેનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો હેબતાઈ ગયા હતા. સ્લેબ નીચે પાર્ક કરેલા વાહનો કાટમાળ નીચે દબાતા તેમને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ ઘટના બાદ ડરના માર્યા બંને પરિવારોને મકાન ખાલી કરવાની ફરજ પડી છે. સ્થાનિકોના મતે, યોગ્ય મરામતના અભાવે આ સ્થિતિ સર્જાઈ છે.

ઘટનાની જાણ થતા જ તલોધના સરપંચ, પોલીસ કાફલો અને ડીજીવીસીએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સલામતીના ભાગરૂપે વીજ કંપનીએ તાત્કાલિક વીજ પુરવઠો બંધ કર્યો હતો, જ્યારે પોલીસે સ્થળનું નિરીક્ષણ કરી સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. આ ઘટનાએ જર્જરિત મકાનોમાં રહેતા રહીશોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

બોરીયાચ ટોલ પ્લાઝા રણમેદાનમાં ફેરવાયું, રાહત છીનવાઈ જતા લોકલ ટ્રક એસોસિએશનનો તોફાની વિરોધ

# બોરીયાચ ટોલ પ્લાઝા પર ટ્રક ચાલકોનો આક્રોશ

**સ્થાનિકોની** રાહત રદ કરાતા હાઈવે પર ચક્કાજામ

**‘પૂર્વ** સૂચના વગર લૂંટ બંધ કરો’ ના નારા સાથે ટ્રાન્સપોર્ટરો મેદાને

**તંત્રને** ઉગ્ર આંદોલન અને પરિવહન સેવા ઠપ્પ કરવાની ચેતવણી



નવસારી : બોરીયાચ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોનો ગુસ્સો શુક્રવારે રસ્તા પર ફાટી નીકળ્યો હતો. વર્ષોથી સ્થાનિક વાહનોને મળતી ટોલ ટેક્સની રાહત અચાનક સમાપ્ત કરી દેતાં લોકલ ટ્રક એસોસિએશન અને ટ્રક માલિકોએ ટોલ પ્લાઝા સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં ટ્રકો અને અન્ય વાહનો ટોલ નાકા પાસે એકત્ર થતાં નેશનલ હાઈવે પર ટ્રાફિક ધીમો પડી ગયો હતો. કેટલાક સમય માટે ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પરિસ્થિતિ વણસે તે પહેલાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને દેખાવો શાંત પાડવા માટે સમજાવટનો દોર શરૂ કર્યો હતો.

ટ્રક એસોસિએશનના આગેવાનોનું કહેવું છે કે સ્થાનિકોને મળતી ટોલ છૂટ માત્ર સુવિધા નહીં પરંતુ જરૂરી રાહત હતી. જો ટોલ પ્રશાસન દ્વારા આ નિર્ણય પરત લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર લડત અને પરિવહન સેવા બંધ કરવાની ચેતવણી આપવામાં આવી છે. બીજી તરફ તંત્ર દ્વારા ચર્ચા અને સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હોવાનું જાણવા મળે છે.

### GJ-21 વાહનોની ટોલ મુક્તિ રદ થતાં ‘ના કર’ સમિતિ મેદાનમાં

નવસારી : વર્ષોથી ટોલમુક્ત પસાર થતા GJ-21 પાસિંગના વાહનો પાસેથી અચાનક ટોલ વસૂલાત શરૂ થતાં સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે “ના કર” સમિતિ દ્વારા નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી છે. સમિતિના જણાવ્યા મુજબ જિલ્લાના 7000થી વધુ વાહનચાલકો પર સીધો આર્થિક માર પડી ર હ્યો છે. “ના કર” સમિતિએ તંત્રને ચેતવણી આપી છે કે જો સ્થાનિક વાહનો માટેની ટોલ મુક્તિ ફરી શરૂ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. જરૂર પડશે તો હજારો નાગરિકો સાથે મળીને નેશનલ હાઈવે પર ચક્કાજામ કરવામાં આવશે. આંદોલનને સમર્થન આપતા હિમાંશુ વશીએ જણાવ્યું હતું કે સ્થાનિકોના હકો માટે લડત હવે વધુ તેજ બનાવવામાં આવશે અને કોઈપણ ભોગે આ મુદ્દે સમાધાન કરવામાં નહીં આવે.

# બોરીયાચ ટોલનાકા પર સ્થાનિક વાહનોની ટેક્સ વસૂલાત તત્કાલ બંધ

નવસારી : બોરીયાચ ટોલનાકા પર સ્થાનિક વાહનો પાસેથી વસૂલાત થતા ટોલટેક્સ મુદ્દે ઉઠેલા વિરોધ વચ્ચે હવે સ્થાનિક લોકોને મહત્વપૂર્ણ રાહત મળી છે. ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને આસપાસના ગામોના સરપંચોએ જિલ્લા કલેક્ટરને મળી રજૂઆત કરતાં તાત્કાલિક અસરથી સ્થાનિક વાહનો પાસેથી ટોલ વસૂલાત બંધ કરાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ મુદ્દે ભુરાભાઈ શાહ અને રાકેશ દેસાઈના નેતૃત્વ હેઠળ આશરે દસ ગામોના સરપંચો અને આગેવાનોનું પ્રતિનિધિમંડળ જિલ્લા કલેક્ટરને મળ્યું હતું. રજૂઆતને ગંભીરતાથી લઈ જિલ્લા તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરાતા સ્થાનિક વાહનો પાસેથી ટોલ વસૂલાત રોકવામાં આવી હતી. નિર્ણય બાદ ગ્રામજનો અને વાહનચાલકોમાં રાહતની લાગણી ફેલાઈ હતી.

# વિજલપોરના 19 વર્ષીય યુવકનો ફાંસો ખાઈ આપઘાત

નવસારી : નારાયણ પાર્ક વિસ્તારમાં 19 વર્ષીય યુવક શુભમ ચોરસીયાએ પોતાના રૂમમાં છતના પંખા સાથે દુપટ્ટો બાંધી આત્યંતિક પગલું ભર્યું હતું. બનાવની જાણ થતાં જ પરિવારજનો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું. મૃતકના પિતા રાજેન્દ્ર પ્રસાદ ચોરસીયા એ સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરી હતી. યુવાન દીકરાના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પાડોશીઓ અને સગાસંબંધીઓ પણ ઘટનાથી સ્તબ્ધ બની ગયા હતા.

# ડાંગ-તાપી સરહદેથી સાગી લાકડાનો જથ્થો ઝડપાયો

**વઘઇ** પોલીસ અને વન વિભાગે ૨.૫૦ લાખના ૧૩ નંગ સાગી લાકડા સાથે પીક-અપ ગાડી જપ્ત



સાપુતારાઃ ડાંગ જિલ્લામાં ચાલતી ગેરકાયદે લાકડાની હેરાફેરી ડામવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવની કડક સૂચના બાદ વઘઈ પોલીસે ઉનાઈ વન વિભાગ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી તાપી જિલ્લાની હદમાંથી લાકડા ભરેલી પીક-અપ ગાડી ઝડપી પાડી છે.

વઘઈના પી.આઈ. એ.એ. ચાવડાને બાતમી મળી હતી કે, રાયકસ ફોરેસ્ટ નાકા પાસે ખેતરમાં લાકડા ભરેલી ગાડી છુપાવવામાં આવી છે. આ અંગે ઉનાઈ રેન્જ ફોરેસ્ટ ઓફિસર રીના ચૌધરીને જાણ કરાતા, પોલીસ અને વન વિભાગે તપાસ હાથ ધરતા મહારાષ્ટ્રની પીક-અપ મળી આવી હતી. ગાડીની તલાશી લેતા તેમાંથી રૂ. ૨,૫૦,૦૦૦ની કિંમતના સાગી લાકડાના ૧૩ નંગ મળી આવ્યા હતા. પકડાયેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે ઉનાઈ વન વિભાગને સોંપવામાં આવ્યો છે.

ચીખલીમાં પાણી પુરવઠા વિભાગનો રેઢિયાળ વહીવટ

# ઉનાળામાં નવા બોરના ટેન્ડરના ઠેકાણા નથી

**વહીવટી** નિષ્ફળતા છુપાવવા આચારસંહિતાનું બહાનું કાઢતા ભરઉનાળે પ્રજા પાણી માટે વલખાં મારવા મજબૂર




**ટેન્ડર પ્રક્રિયા હાલે પ્રોસેસમાં છે**

નાયબ કાર્યપાલક ઈજનેર નિરાલીબેનના જણાવ્યાનુસાર ચૂંટણીની આચાર સંહીતાના કારણે ટેન્ડર પ્રક્રિયા થઈ નથી અને હાલે તે પ્રોસેસમાં છે

ઘેજ : ચીખલી તાલુકામાં પાણી પુરવઠાના યાંત્રિક વિભાગનો રેઢિયાળ કારભાર બહાર આવ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ખરેખર જરૂરિયાતનો સમય છે તેમ છતાં હજુ સુધી નવા બોર કરવા માટેના ટેન્ડરના ઠેકાણા નથી. હજુ એજન્સી નક્કી નથી થઈ ત્યારે હવે યાંત્રિક વિભાગ કોઈક નવી ટેક્નોલોજીથી ચોમાસામાં બોર કરશે કે કેમ?

હાલે ઉનાળાની સિઝનમાં ગરમીનો પારો ઊંચે જઈ રહ્યો છે અને ધોમધખતા તાપમાં લોકો શેકાઈ રહ્યા છે. તેવામાં આ આખર સિઝનમાં હયાત બોર-કુવામાં પાણીના સ્તર પણ નીચે ઉતરી જતા હોય છે અને લોકોની પાણીની વ્યવસ્થા ખોરવાઈ જવા સાથે પીવાના, ઘરવપરાશ તથા પશુઓ માટે પાણીની માંગ પણ વધી જતી હોય છે જેને પગલે લોકો કરી રહ્યા છે.

હવે મેં મા શરૂ થઈ જવા સાથે ટૂંકા ગાળામાં વરસાદનું પણ ગમે ત્યારે આગમન થઈ શકે તેવી સ્થિતિમાં આજ દિન સુધી પાણી પુરવઠાના યાંત્રિક વિભાગના નવા બોર કરવા માટેના ટેન્ડરના ઠેકાણા નથી ત્યારે યાંત્રિક વિભાગ તાલુકામાં બોર ક્યારે શરૂ કરશે ખરેખરના લોકોની પાણીની જરૂરિયાતના સમયે જ યાંત્રિક વિભાગનું કોઈ આયોજન નથી ત્યારે યાંત્રિક વિભાગનું દશેરાના દિવસે જ ધોડું ન દોડે તેવો ઘાટ સર્જવા પામ્યો છે.

### ઢાંકપિછોડો કરવા ચૂંટણી આચાર સંહિતાનું ગાણું

અધિકારીઓ દ્વારા પોતાની વહીવટી નિષ્ફળતા પર ઢાંકપિછોડો કરવા ચૂંટણી આચાર સંહિતાનું ગાણું ગવાઈ રહ્યું છે. પરંતુ ચૂંટણી પહેલી એપ્રિલે જાહેર થઈ હતી. તે પૂર્વે ખરેખર ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરી દેવી જોઈતી હતી. ચૂંટણી પુરી થયાને પણ બાર દિવસ જેટલો સમય વીતવા છતાં હજુ નવા બોર કરવા માટેના ટેન્ડર ના ઠેકાણા નથી.

HDFC BANK
We understand your world

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ - 400 013 અને તેની એક ઓફિસ અહીં આવેલી છે

રિટેલ પોર્ટફોલિયો મેનેજમેન્ટ: એચડીએફસી બેંક લિમિટેડ, પ્રથમ માળ, I-Think ટેક્નો કેમ્પસ, કાંજુરમાર્ગ (ઈસ્ટ), મુંબઈ - 400 042.

**એચડીએફસી બેંકમાં ગિરવે મૂકાયેલ જામીનગીરીના વેચાણ માટેની સેલ ઈન્ટિમેશન અને જાહેર નોટિસ**

એચડીએફસી બેંક લિમિટેડ (“બેંક”) ના નીચે જણાવેલ ધિરાણ લેનારાઓને આથી લોન/ઓવરડ્રાફ્ટ અગેન્સ્ટ સિક્યોરિટીઝના રૂપમાં ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે બેંક પાસે ગીરો મૂકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે જાણ કરવામાં આવે છે.

લોન કરારની શરતો મુજબ બાકી નીકળતી રકમની ચુકવણીમાં ધિરાણ લેનારાઓ દ્વારા સતત કરવામાં આવેલી કસૂરને કારણે, નીચેના લોન ખાતાઓ ડિલિંક્વન્ટ (બાકી લેણાંવાળા) સ્ટેટસમાં છે. બેંક દ્વારા આ ધિરાણ લેનારાઓને નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણ નોટિસ સહિત અનેક નોટિસ પાઠવવામાં આવી હતી, જેમાં બેંકે ગીરોનો અમલ કર્યો હતો અને ધિરાણ લેનારાને લોન ખાતાની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવા માટે 7 દિવસનો સમય આપ્યો હતો. તેમ કરવામાં નિષ્ફળ જતાં, બેંક આ બાબતે વધુ નોટિસ આપ્યા વિના ગીરો મુકેલી સિક્યોરિટીઝ વેચવા માટે સ્વતંત્ર રહેશે. ધિરાણ લેનારાઓ બાકી લેણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, બેંકે લોન કરાર હેઠળ પ્લેજી તરીકેના તેના અધિકારોનો ઉપયોગ કરીને, બાકી રકમની વસૂલાત માટે 16 મે 2026 ના રોજ અથવા તે પછી સિક્યોરિટીઝ વેચવાનો/નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. ધિરાણ લેનારાઓને એ પણ સૂચિત કરવામાં આવે છે કે, જો શેરબજારમાં અસ્થિરતાને કારણે ગીરો મુકેલી સિક્યોરિટીઝના મૂલ્યમાં વધુ ઘટાડો થાય અને માર્જિનની જરૂરિયાતમાં ખામી સર્જાય, તો બેંક કોઈપણ આગોતરી સૂચના આપ્યા વિના એક (1) કેલેન્ડર દિવસમાં સિક્યોરિટીઝ વેચી દેશે. ગીરો મુકેલી સિક્યોરિટીઝના વેચાણની રકમ એડજસ્ટ કર્યા પછી પણ જો કોઈ રકમ બાકી રહે છે, તો ધિરાણ લેનારા તે રકમ બેંકને ચૂકવવા માટે જવાબદાર રહેશે.

| ક્રમ | લોન ખાતા નંબર | ધિરાણ લેનારનું નામ | બાકી રકમ (૬ મે ૨૦૨૬ મુજબ) | વેચાણ નોટિસની તારીખ |
|---|---|---|---|---|
| 1 | XXXXXXXXXX2390 | રામ કુમાર ડાગા | 810.43 | 06-05-2026 |
| 2 | XXXXXXXXXX6222 | ભજન લાયેક | 1,18,990.69 | 07-02-2026 |
| 3 | XXXXXXXXXX7539 | અવેકા પટવારી | 4,73,410.00 | 06-05-2026 |
| 4 | XXXXXXXXXX9632 | તૃપ્તિ જયેશ વશી | 7,29,669.20 | 06-05-2026 |
| 5 | XXXXXXXXXX6498 | બામણીયા હર્ષવંત સોમા | 1,03,706.50 | 06-05-2026 |
| 6 | XXXXXXXXXX8580 | શૈલાબેન કાંતિલાલ દમણીયા | 49,35,503.84 | 06-05-2026 |
| 7 | XXXXXXXXXX3992 | અલ્કેશ જમનાદાસ પટેલ | 8,99,892.77 | 06-05-2026 |
| 8 | XXXXXXXXXX6033 | નિશા દિલીપ સોલંકી | 335.82 | 06-05-2026 |
| 9 | XXXXXXXXXX7801 | રોહિત શૈલેન્દ્રકુમાર | 29,423.00 | 06-05-2026 |
| 10 | XXXXXXXXXX0759 | પટેલ હેમલ ઈશ્વર | 42,464.71 | 06-05-2026 |
| 11 | XXXXXXXXXX9365 | અભિષેકકુમાર પટેલ | 4,39,496.82 | 06-05-2026 |

તારીખ: 09.05.2026
સ્થળ: દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

સહી/-
એચડીએફસી બેંક લિમિટેડ

**તા. જીલ્લા નવસારી, મોજે મોલધરાના ગામતળની મિલકત નં. ૧૭ તથા ૧૭/૧ તેમજ મિલકત નં: ૧૮ બાબતે જાહેર ચેતવણી તથા જાહેર નોટિસ**

જત આથી હમારા અસીલ **સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી, સરનામું :** અઠવાગેટ, નાનપુરા, સુરતનાં વતી તેનાં **જોઈન્ટ સેક્રેટરી મોહંમદ નવેદ એ. શેખની** સુચના અને ફરમાયશ અન્વયે આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીથી તાકીદ કરીએ છીએ કે, **જીલ્લો -નવસારી, તાલુકા-નવસારી, મોજે-મોલધરાનાં ગામતળનાં મિલકત નં. ૧૭ વાળી ૩૩.૨૨ ચો.મી. ગામતળની જમીન અને તે માંહે ચાલી આવેલ રહેઠાણ ઉપયોગી ૩૩.૨૨ ચો.મી. બાંધકામવાળી મિલકત તથા મિલકત નં. ૧૭/૧ વાળી ૧૦૮.૮૮ ચો.મી. જમીન અને તેમાં ચાલી આવેલ ભોંતયતળીયા, કાતરીયાવાળી રહેઠાણનાં ઉપયોગવાળી ૯૫.૦૮ ચો.મી નાં કાચા નળીયાનાં છતવાળુ જર્જરિત હાલતનું મકાન તથા ઘર નં. ૧૮ વાળી ૧૦૮.૮૮ ચો.મી. જમીન તથા તેમાં ચાલી આવેલ ભોંયતળીયા તથા કાતરીયાવાળી પતરાવાળી રહેઠાણ ઉપયોગની ૯૫.૦૮ ચો.મી.નાં કાચા નળીયા તથા પતરાવાળી મિલકત અહમદ મુસા પટેલની માલિકીની ચાલી આવેલ હોવાનું હમારા અસીલને જાણવામાં આવેલ છે. અહમદ મુસા પટેલ વિગેરેનાઓ વિરૂદ્ધ હમારા અસીલ ટ્રસ્ટ તરફે તેના આજીવન સભ્ય કાસીમ યુસુફ ભામનાંએ તારીખ : ૨૫/૧૦/૨૦૧૩ નાં રોજ ડી.સી.બી. પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૩૧/૨૦૧૩ થી ઈ.પી.કોડ કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, ૧૨૦(બી) તથા ૩૪ મુજબનો ગુનો દાખલ કરાવેલ છે.** સદરહુ ગુનાની ફરીયાદની હકીકત વંચાણે લેવામાં આવે તો ફરીયાદમાં જણાવેલ આરોપીઓએ લાજપોર ગામે આવેલ રેવન્યુ સર્વે નં. ૭૪૩, બ્લોક નં. ૯૧૭ વાળી ખેતી લાયકની જમીન પચાવી પાડવા બોગસ અને બનાવટી રીતે વેચાણ દસ્તાવેજ ઊભા કરેલ અને ધી સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી ટ્રસ્ટનાં નાણાંનો દુરઉપયોગ કરી આર્થિક લાભ મેળવેલ હોવા સંદર્ભેની હકીકત દર્શાવી ફરીયાદ આપેલ. **ધી સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી ટ્રસ્ટ પાસેથી અહમદ મુસા પટેલ નાઓએ મોટી માતબર રકમ છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી તેમજ ખોટા દસ્તાવેજો ઉભા કરી મેળવેલ જે સંદર્ભે ધી સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી ટ્રસ્ટ તર્ફે ફરીયાદ આપવામાં આવેલ છે અને જે ફરીયાદનાં કામે તપાસનાં અંતે અહમદ મુસા પટેલનાઓએ ધી સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી ટ્રસ્ટ પાસેથી મેળવેલ રકમમાંથી ઉપરોક્ત મોજે મોલધરાનાં મિલકત નં. ૧૭ તથા ૧૭/૧ તેમજ ૧૮ વાળી મિલકત ખરીદ કરેલ હોવાની હકીકતો આવેલ છે. જેથી સદરહું મિલકત સંદર્ભેની વિગતો હાલ નામદાર કોર્ટ રૂબરૂ સબજયુડાઈસ છે અને હાલ નામદાર કોર્ટ રૂબરૂ વિચારાધિન છે. સદરહું ગુનાનાં કામે ડી.સી.બી. પો. સ્ટે.નાં અધિકારીઓએ અહમદ મુસા પટેલે ખરીદ કરેલ મોજે મોલધરાની મિલકત નં. ૧૭ તથા ૧૭/૧ તેમજ ૧૮નાં વેચાણ દસ્તાવેજો કબજે લઈ ઊંડી તપાસ કરી ચાર્જશીટ કરેલ છે.** હાલમાં હમારા અસીલની જાણકારીમાં આવેલ છે કે, અહમદ મુસા પટેલના વારસદારો સદરહું મિલકત અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને વેચાણ કરવાની યા અન્ય કોઈ રીતે તબદીલ, ટ્રાન્સફર કે એસાઈન કરવાની તજવીજ કરતા આવેલા છે. જેથી હમારા અસીલે જાહેર જનતાને સજાગ કરવા તથા જાહેર જનતા ભોગ બને નહીં તે બાબતે હાલની જાહેર નોટીસ યાને જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવેલ છે. **હાલની જાહેર નોટીસ તથા જાહેર ચેતવણીથી હમારા અસીલ જાહેર જનતાને તાકીદ કરે છે કે, મોજે-મોલધરા મિલકત નં. ૧૭, ૧૭/૧ તથા ૧૮ સંદર્ભે અહમદ મુસા પટેલના વારસદારો સાથે કોઈપણ ખરીદ વેચાણ યા અન્ય કોઈ ટ્રાન્સફર, એસાઈન, બક્ષીસનાં વ્યવહારો કરવા કરાવવા નહીં.** જો જાહેર જનતા કે સંસ્થા તેમ કરશે તો તેઓએ પણ કાયદાકીય પ્રક્રિયામાં સંડોવાવું પડશે, જેની આથી ગંભીર નોંધ લેશોજી.

મારી સુચનાથી ::-
સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી વતી
તેનાં જોઈન્ટ સેક્રેટરી
મોહંમદ નવેદ એ. શેખ

કેતન પી. રેશમવાલા
સુરત ઈસ્લામ યતિમખાના સોસાયટી વતી
તેનાં જોઈન્ટ સેક્રેટરી
મોહંમદ નવેદ એ. શેખનાં એડવોકેટ